ગાંધીનગર સમાચાર

# ગેંગરેપ-હત્યા કેસની સીબીઆઈ તપાસ

બદૌન, તા.૩૧

ઉત્તરપ્રદેશમાં દલિત બહેનો ઉપર કમકમાટીભર્યા બળાત્કાર અને ત્યારબાદ તેમની હત્યાના મામલે પાંચ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે અન્ય બે હજુ ફરાર છે. આ બન્નેને શોધી કાઢવાની કામગીરી ચાલી રહી છે. બીજી બાજુ વિરોધપક્ષો તરફથી આરોપોનો સામનો કરી રહેલા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેષ યાદવે ગેંગરેપ અને હત્યાકેસના મામલામાં સીબીઆઈ તપાસની ભલામણ કરવાનો આજે નિર્ણય કર્યો હતો. યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ભોગ બનેલી યુવતીઓના પરીવારના સભ્યો તરફથી માંગણી કરવામાં આવ્યા બાદ સીબીઆઈ તપાસની ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે. આ સંદર્ભમાં વિધી ટૂંકમાં જ પૂર્ણ કરી લેવામાં આવશે. પોલીસમાં વિશ્વાસ નહીં હોવાની વાત પરીવારના સભ્યો દ્વારા કરવામાં આવી રહી છે. ગેંગરેપના સંદર્ભમાં બે પોલીસ જવાન સહિત એફઆઈઆરમાં નામ ધરાવતા તમામ પાંચ આરોપી શખ્યોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે આજે સવારે માહિતી આપતા કહ્યું હતું કે ગઈકાલે મોડી રાત્રે કોન્સ્ટેબલ છત્રપતિ યાદવની ધરપકડ કરી લેવામાં આવી હતી. તમામમી પુછપરછ કરવામાં આવી રહી છે. દરમિયાન ઉત્તરપ્રદેશ સરકારે ભોગ બનેલી યુવતિના પરિવારના સભ્ય માટે પાંચ પાંચ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. હવે પરિવારના સભ્યો દ્વારા સીબીઆઈ તપાસની માગ કરી છે. બસપના વડા માયાવતી દ્વારા પણ સીબીઆઈ તપાસની માંગ કરી છે. જેથી આ ગેંગ રેપ કેસ એન હત્યા મામલે સીબીઆઈ તપાસનો આદેશ અપાય તેવી શક્યતા છે. દલીત બહેનો ઉપર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યાના ત્રણ દિવસ બાદ જાગેલી ઉત્તરપ્રદેશ સરકારે પગલા લઈનો ગઈકાલે બે કોન્સ્ટેબલોની હકાલપટ્ટી કરી હતી.એક વૃક્ષ ઉપર લટકેલી હાલતમાં આ બંન્ને બહેનોના મૃતદેહ મળી આવ્યા છે. એસપી અતુલકુમાર સક્સેનાએ કહ્યું છે કે, બે કોન્સ્ટેબલ છત્રપાલ યાદવ અને સર્વેષ યાદવની હકાલપટ્ટી કરી દેવાઈ છે. જ્યારે અન્ય એક આરોપી અવધેષ યાદવની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં વોન્ટેડ રહેલા સાત આરોપી પૈકીના પાંચની ધરપકડ કરવામાં આવી છે જેમાં પોલીસ જવાન સર્વેષ યાદવ અને ભાઈ પપ્પુ અને અવધેષ યાદવનો સમાવેશ થાય છે. સર્વેષ અને પપ્પુની ગુરૂવારે ધરપકડ કરાઈ હતી. આ બનાવના કારણે આજે ભારે હોબાળો રહ્યો હતો. પોલીસની ઉદાસીનતાને લઈને લોકો નાખુશ દેખાઈ રહ્યા છે. ભારે હોબાળો મચી ગયા બાદ સાત લોકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કેસના કારણે ભારે હોબાળો મચી ગયો છે. બદૌનમાં સીબીઆઈ તપાસની માંગણી હાલ કરાઈ છે.

## ગેંગરેપ પીડિતના પરિવાર સાથે રાહુલે વાતચીત કરી

નવી દિલ્હી,તા. ૩૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે ગેંગરેપ અને હત્યા કેસના સંદર્ભમાં બદૌન પહોંચ્યા હતા અને બે દલીત બહેનોના પરિવારના સભ્યોને મળ્યા હતા. પરિવારના સભ્યો દ્વારા સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી રહી છે. સાથે-સાથે વળતર લેવાનો ઈન્કાર કરવામાં આવી રહ્યો છે. ન્યાય માટેની માંગણી પણ કરવામાં આવી રહી છે. એઆઈસીસીના જનરલ સેક્રેટરી (ઉત્તરપ્રદેશ), રાજ્યના પીસીસી વડા નિર્મલ ખતરી, એઆઈસીસી અનુસૂચિત જાતી વિભાગના ચેરમેન કે. રાજુની સાથે રાહુલ ગાંધી પહોંચ્યા હતા. રાહુલ તેમના આવાસ ઉપર પરિવારના સભ્યોને મળ્યા હતા. રાહુલ તે જગ્યા પર પણ પહોંચ્યા હતા જ્યાં બન્ને દલીત બહેનોના મૃતદેહ મળી આવ્યા હતા. બનતી તમામ મદદ કરવાની રાહુલે ખાતરી આપી હતી. પરિવારના સભ્યોએ કહ્યું હતું કે, તેમને રાજ્ય પોલીસમાં વિશ્વાસ નથી. સીબીઆઈ તપાસ કરવામાં આવે તેવી ઈચ્છા રાખે છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની તેમના સંસદીય મતવિસ્તાર અમેઠીની બહારની લોકસભા ચુંટણીમાં હાર બાદ આ પ્રથમ મુલાકાત હતી. રાહુલ ગાંધીએ તમામ સહાયતાની ખાતરી આપી હતી.



દરમિયાનમાં દેશવ્યાપી વિરોધની શરૂઆત થઈ છે. ગૃહપ્રધાન રાજનાથસિંહને આ બનાવ અંગે માહિતી આપવામાં આવી છે. ગેંગરેપ મામલામાં પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બે પોલીસ જવાનોનો પણ આમા સમાવેશ થાય છે. બદૌન ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌથી ૩૦૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. અત્રે નોંધનીય છે કે, બદૌનમાં હાલમાં વ્યાપક હિંસાની શક્યતા પણ રહેલી છે. આજ કારણસર આની નોંધ લઈને વધારાની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અખિલેશ યાદવે પણ સીબીઆઈ તપાસની ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.

## જયલલિતા તેમજ નવીન પટનાયક મોદીને મળશે

નવી દિલ્હી,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આગામી થોડાક દિવસમાં મળવાની યોજના તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા અને ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક ધરાવે છે. ભાજપ સાથે ભાવિ રાજકીય સમજ સ્થાપિત કરવાનો હેતુ રાખવામાં આવી રહ્યો છે. નરેન્દ્ર મોદીની સાથે વાતચીત કરીને બન્ને રાજ્યોના મુખ્યમંત્રી તેમની પ્રાથમિક્તાની યાદી રજૂ કરનાર છે. રાજ્યસભામાં ચોક્કસ બિલ પસાર કરવા માટે ભાજપને પણ આ પક્ષોની જરૂર પડી શકે છે. નવીન પટનાયકે પણ નરેન્દ્ર મોદીને મળવા માટે સમય માંગ્યો છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે ભુવનેશ્વરમાં આજે કહ્યું હતું કે, તેઓએ વડાપ્રધાનને મળવા માટેનો સમય માંગ્યો છે. નવા કેન્દ્રીય પ્રધાનોને પણ મળવા માટે ઈચ્છુક છે. જયલલિતા અને નવીન પટનાયક મોદી સરકારમાં સામેલ થાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. મોદીએ અગાઉ તમામ સહકાર આપવાની જયલલિતાને ખાતરી આપી હતી. જયલલિતા તમિલનાડુની માંગણીઓના સંદર્ભમાં એક મેમોરેન્ડમ સુપ્રત કરનાર છે.

## લોકોને અપાયેલા વચનોને પૂર્ણ કરવા ઉપર ધ્યાન જરૂરી : મોદી

નવી દિલ્હી,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભાજપના જનરલ સેક્રેટરી સાથે અતિમહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં નરેન્દ્ર મોદીએ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા. મોદીએ જનરલ સેક્રેટરીઓને કહ્યું હતું કે, લોકોને કરવામાં આવેલા વચનોને પરિપૂર્ણ કરવા ઉપર મુખ્યધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. મોદીએ આજે તેમના સાત રેસકોર્સ રોડ નિવાસ સ્થાન ખાતે જનરલ સેક્રેટરીઓ સાથે વાતચીત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, પાર્ટી અને સંઘના લોકો ચુંટણી દરમિયાન લોકોને આપવામાં આવેલા વચનોને પૂર્ણ કરવા સરકારની મદદ કરશે. તેમણે એમપણ કહ્યું હતું કે, આગામી લોકસભાની ચુંટણીમાં જીત મળે તે માટે અત્યારથી જ લોકલક્ષી કામગીરી કરવાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, પાર્ટીના કાર્યકરોએ ભાજપ માટે તમામ પ્રયાસો કર્યા છે જેથી તેમને આપવામાં આવેલી સેવાનો જવાબ આપવાનો સમય આવી ગયો છે. લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં આવે તે જરૂરી છે. ચૂંટણીમાં અમારા અનુભવનો ઉપયોગ કરવામાં અને આપવામાં આવેલા વચનોને અમલી બનાવવાનો સમય આવી ગયો છે. ભાજપની ઐતિહાસિક જીત પાછલ સંઘની ભૂમિકા અને શક્તિની વાત પણ મોદીએ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, સંઘઠન અમારી સૌથી મોટી શક્તિ છે. આટલી મોટી શક્તિ વગર આવી જીત શક્ય નથી. આ બેઠકમાં ભાજપના સંસ્થાકીય માળખાને મજબૂત કરવાની જરૂરિયાત ઉપર પણ ભાર મુક્યો હતો. આ બેઠક લાંબા સમય સુધી ચાલી હતી.ચુંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ હવે વિધાનસભાની ચુંટણી ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે.પ્રધાનો તમામ બાબતોને ધ્યાનમાં લે તે જરૂરી છે.

## સસ્પેન્ડેડ ૫ અધિકારીઓને પરત લેવા સ્મૃતિની અપીલ

નવી દિલ્હી, તા.૩૧

નવા માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાની સાથે સંબંધિત દસ્તાવેજો અખબારોમાં લીક કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવેલા દિલ્હી યુનિવર્સિટીના અધિકારીઓને પરત લેવવા સ્મૃતિ ઈરાનીએ દિલ્હી યુનિવર્સિટીને અપીલ કરી છે. દિલ્હી યુનિવર્સિટીના સ્કુલ ઓફ ઓપન લર્નીંગના પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા ના એક દિવસ બાદ સ્મૃતિ ઈરાનીએ ટ્વીટર પર કહ્યું હતું કે, દિલ્હી યુનિવર્સિટી એક સ્વાયત સંસ્થા છે જેથી અધિકારીઓને ફરી નોકરી પર લેવા તેઓ અંગત રીતે અપીલ કરી છે. યુનિવર્સિટીના સુત્રોના જણાવ્યા મુજબ અધિકારીઓ, સેક્સન અધિકારીઓ સામે પગલા લેવામાં આવ્યા હતા. ફાઈલોના ગુપ્ત દસ્તાવેજો ખોલવા બદલ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સ્મૃતિ ઈરાનીના દસ્તાવેજો એક હિન્દી અખબાર સાથે વહેંચવા બદલ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ દસ્તાવેજોમાં જણાવવામાં આવ્યું હતું કે, સ્મૃતિ ઈરાનીએ ૨૦૦૩માં પોલિટીકલ સાયન્સમાં પ્રવેશ લીધો હતો. પરંતુ પ્રથમ વર્ષની પરીક્ષા આપી ન હતી. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહે અગાઉ ટ્વીટર પર કહ્યું હતુંકે, દિલ્હી યુનિવર્સિટીના અધિકારીઓને સસ્પેન્ડ કરવાની બાબત યોગ્ય દેખાઈ રહી છે. દિલ્હી યુનિવર્સિટીના અધિકારીઓને ફરી નોકરી પર લેવાની સ્મૃતિ ઈરાનીની અપીલ બાદ દિગ્વિજયસિંહે આભાર માન્યો છે. વાસ્તવીક શૈક્ષણિક લાયકાત લોકોને જાણવાની તક મળી છે. તે કોઈ ખોટી બાબત નથી. સ્મૃતિ ઈરાનીએ આ અપીલ કરીને તમામને આશ્ચર્યચકિત કરી દીધા છે. સ્મૃતિના શૈક્ષણિક લાયકાતને લઈને હાલમાં દેશભરમાં ભારે હોબાળો રહ્યો છે. કોંગ્રેસ અને ભાજપના નેતાઓ સામસામે રહ્યા છે.

## જમ્મુ : હોટેલમાં ભીષણ આગ લાગતા ચાર પ્રવાસીઓ ભડથુ

જમ્મુ તા, ૩૧

જમ્મુની એક હોટેલમાં આજે સવારે ભીષણ આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા ચાર પ્રવાસી બળીને ભડથુ થઈ ગયા હતા. આગના કારણે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. સાથે સાથે અન્ય લોકો પણ દહેશતમાં મુકાઈ ગયા હતા. તમામને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે આગ એટલી પ્રચંડ હતી કે તેમાં ચાર લોકો ભડથુ થઈ ગયા હતા. બીજી બાજુ આગના બનાવમાં દાજી ગયેલા અન્ય ૧૨ લોકોને સારવાર માટે જમ્મુ મેડિકલ કોલેજ હોસ્પિટલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે દાજી ગયેલા ૧૨ લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પોલીસે કહ્યું હતું કે જમ્મુ શહેરમાં મુખ્ય બસ સ્ટેન્ડની નજીક આવેલી હોટેલ નીલમમાં આગ ફાટી નિકળી હતી. આગ લાગી ત્યારે હોટેલમાં મોટી સંખ્યામાં લોકો હતા. શહરના સેન્ટર શહીદી ચોકથી એક કિલોમીટરના અંતરે આ હોટેલ છે. અડધી રાત્રે આગ ફાટી નિકળી હતી. આગ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. સાક્ષીઓએ કહ્યું હતુ કે ગ્રાઉન્ડ ફ્લોર ખાતે સ્ટોર રૂમથી આગની શરૂઆત થઈ હતી. હોટેલના માલિક સ્થાનિક છે.આગના કારણમાં તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ આગના કારણે મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ સુધી થઈ નથી. લોકોના ટોળા વહેલી સવારે ઘટનાસ્થે ભેગા થઈ ગયા હતા. ફાયર બ્રિગ્રેડની મદદમાં સ્થાનિકો પણ જોડાયા હતા.



## આંધ્ર-તેલંગાણા વચ્ચે સહકાર જરૂરી : વૈંકેયા

હૈદરાબાદ,તા. ૩૧

બીજી જૂનના દિવસે તેલંગાણાની જવાબદારી સંભાળનાર ટીઆરએસ સરકારને સાવધાન રહેવાની સલાહ આપતા કેન્દ્રીય પ્રધાન વૈંકેયા નાયડુએ આજે કહ્યું હતું કે, આંધ્રપ્રદેશ અને તેલંગાણા એકબીજા સાથે સહકાર કરે તે જરૂરી છે. કેન્દ્ર પ્રત્યે સંઘર્ષવાળુ વલણ ન રાખવાની પણ અપીલ કરવામાં આવી છે. કેન્દ્રીય શહેરી વિકાસ પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ પ્રથમ વખત હૈદરાબાદ પહોંચેલા વૈંકેયાએ કહ્યું હતું કે, રાજકારણ માટેનો સમય પૂરો થઈ ચુક્યો છે. નવા રાજ્યના વિકાસ માટે હાથ મિલાવવા જોઈએ. આંધ્ર અને તેલંગાણા વચ્ચે સહકાર જરૂરી છે. કેન્દ્ર સાથે સહકાર પણ અતિજરૂરી છે.

## નેશનલ હેલ્થ મિશનમાં મોટા પાયે ફેરફાર કરવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૩૧

સરકારે નેશનલ હેલ્થ મિસનમાં ધરખમ ફેરફાર કરવા માટેની તૈયારી કરી લીધી છે. નવા આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને કહ્યું છે કે આ મિશન તેના ટાર્ગેટને હાંસલ કરવામાં સફળ થાય તે જરૂરી છે. તેમણે કહ્યું છે કે એક હિસ્સો અર્બન હેલ્થ મિશનની સારી રીતે હજુ શરૂઆત પણ થઈ નથી. જ્યારે ગ્રામીણ હેલ્થ મિશનની સામે અનેક તકલીફ રહેલી છે. નેશનલ હેલ્થ મિશનની સમીક્ષા માટે બોલાવવામાં આવેલી બેઠક બાદ આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને કહ્યું હતું કે જેનરિક દવાઓના મફત વિતરણની વ્યવસ્થાને ઠીક કરવા માટે કામ જરૂરી છે. દેશના ગરીબ લોકોને તેનો ફાયદો મળે તે જરૂરી છે. તેમનુ માનનુ છે કે અર્બન હેલ્થ મિશનને અસરકારક રીતે આમલી બનાવવાની જરૂર છે. આ મિશનની શરૂઆત યુપીએ સરકાર દ્વારા ગયા વર્ષે કરવામાં આવી હતી. સાથે સાથે પ્રધાને કહ્યું હતું કે ગ્રામીણ હેલ્થ મિશનને પણ અનેક પ્રકારની તકલીફોનો સામનો કરવાની સ્થિતી છે. આનો પણ સંપૂર્ણ લાભ ગ્રામીણ લોકો સુધી પહોંચી રહ્યો નથી. આ બેઠકમાં મંત્રાલયના અનેક અધિકારી હાજર રહ્યા હતા. હર્ષવર્ધને કહ્યું હતું કે અમે આરોગ્યની સેવાઓને મજબુત કરવા માટે નિષ્ણાંતોની સાથે સાથે આરોગ્ય કાર્યકરોની સાથે વાતચીત કરીશુ. તેમનુ કહેવુ છે કે મંત્રાલયની આરોગ્ય યોજનાઓમાં મહિલાઓને વિશેષ સ્થાન આપવામાં આવશે. જુદા જુદા ક્ષેત્રમાં મોદી સરકાર ઝડપથી કામ કરવા માટે તૈયાર છે. દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ મોદી તમામ સંબંધિત મંત્રાલય માટે એક એજન્ડા તૈયાર કરી ચુક્યા છે. આ એજન્ડાને ઝડપથી આગળ વધારવા અને તેને પૂર્ણ કરવા માટેની સુચના આપી દેવામાં આવી છે. મોદી તમામ મંત્રાલય પર નજર પણ રાખે છે.


## સમાચાર ઝલક

- રિઝર્વ બેંક થોડા દિવસમાં ૧૦૦૦ની નવી નોટો બહાર પાડશે.
- ઇરાનમાં ફેસબુકનો ઉપયોગ કરવા બદલ ૨૦ વર્ષની કેદ.
- ઉત્તરપ્રદેશમાં બદાયુની દુષ્કર્મ ઘટનાને શરમજનક ગણાવતું વિદેશી મિડિયા.
- ચીનના યુનાન પ્રાંતમાં ૬.૧ તીવ્રતાનો ભુકંપ.
- ગોધરાકાંડનો નાણાવટીપંચનો અંતિમ રિપોર્ટ જુલાઇમાં આવશે.
- રાજકોટમાં ધોળા દિવસે જાણીતા ઉધોગપતિ ધીરૂભાઇ વોરાની કરપીણ હત્યા.
- વિશ્વના ત્રીજા ભાગનાં લોકો સ્થૂળતાવાળા (જાડીયા) થઇ ગયા છે, અમેરિકા, ચીન, ભારત રશિયા અગ્રેસર છે.
- ગુજરાતની હસીનાખાન પટેલ બ્રિટનની કોર્પોરેશનમાં ચૂંટણી જીત્યા.
- કેપીટલ માર્કેટમાં તોળાતા ધરખમ ફેરફારો, ઇન્સ્યોરન્સ અને પેન્શનમાં પણ રાહતો અપાશે.
- ચોમાસુ કેરળમાં સમયસર પહોંચે તેવી શક્યતા.
- ભારતમાં તમાકુથી દરરોજ ત્રણ હજાર લોકોનાં અકાળે મૃત્યુ નીપજે છે.
- વડોદરાના નજરબાગ પેલેસને તોડી પાડવા સામે મનાઇ હુકમ.
- ઇ-સિગારેટ 'ધ્રુમપાન' જેટલી જ જોખમી છે.
- મેડિકલ-પેરા મેડિકલમાં ૫ જૂનથી પ્રવેશ કાર્યવાહી.
- બર્ગર-પીઝા, નુડલ્સ દાંતમાં સડો કરે છે, મીઠાઇ-ચોકલેટમાં પણ સાવધાની જરૂરી.
- રેપ ક્રાઇસીસી સેલની ટૂંકમાં રચના કરાશે : મેનકા ગાંધી.
- રાજસ્થાનમાં મુસ્તૈદમાં ૪૩ ડિગ્રી તાપમાન ચાલુ સીઝનમાં નોંધાયું.
- દુનિયામાં સૌથી મોટું વિમાન એરબસ-૩૮૦ સિંગાપુરથી દિલ્હી વિમાની મથકે સ્વાગત કરાયું.
- ચંડીગઢમાં દૂધ વેંચવાનો ધંધો કરી ગુજરાન ચલાવનાર આજે ૪૫,૦૦૦ કરોડનો આસામી બન્યો છે.

## ફેડરર અને જોકોવિક ચોથા રાઉન્ડમાં

પેરિસ,તા. ૩૧

રોલેન્ડ ગેરોસ ખાતે રમાઈ રહેલી વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમા પુરૂષોના વર્ગમાં હવે રોમાંચક સ્પર્ધા જોવા મળે તેવી શક્યતા છે. કારણ કે પુરૂષોના વર્ગમાં તમામ સ્ટાર ખેલાડી આગેકુચ કરી રહ્યા છે. રોજર ફેડરર એન નોવાક જોકોવિક પણ આગામી રાઉન્ડમાં કુચ કરી ગયા છે. ચોથા રાઉન્ડમાં પ્રવેશ કરતા પહેલા બન્ને ખેલાડીને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જો કે બન્નેએ છેલ્લે જીત મેળવી હતી. ૧૭ ગ્રાન્ડ સ્લેમ જીતી ચુકેલા રોજર ફેડરરે તેના હરિફ ખેલાડી ટુરસુનોવ પર ૭-૫, ૬-૭ એન ૬-૨, ૬-૪ સેટથી જીત મેળવીને આગામી રાઉન્ડમાં આગેકુચ કરી હતી. જ્યારે જોકોવિકે ક્રોએશિયાના માર્લિન સિલિક પર ૬-૩, ૬-૨, ૬-૭ અને ૬-૪થી જીત મેળવી હતી. સિલિક સામે જોકોવિક ભારે હતાશ દેખાઈ રહ્યો હતો. જો કે તે અંતે જીત મેળવી લેવામાં સફળ રહ્યો હતો. દરમિયાન વર્તમાન ચેમ્પિયન રાફેલ નડાલે ફ્રેન્ચ ઓપન ટાઈટલ પર નજર કેન્દ્રિત કરી દીધી છે. નડાલે બીજા રાઉન્ડની મેચમાં જોમિનિક થીમને ૬-૨, ૬-૨ અને ૬-૩થી કચડી નાંખીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. આઠ વખત ફ્રેન્ચ ઓપન જીતી ચુકેલા નડાલે શાનદાર રમત રમી હતી. સતત પાંચમી વખત ફ્રેન્ચ ઓપન જીતનાર તે પ્રથમ કેલાડી બનવા માટે તૈયાર છે. નડાલે પેરિસમાં આસામાન્ય રેકોર્ડ સર્જયો છે. અહીં તે માત્ર એક મેચ હાર્યો છે અને સામે ૬૧ મેચ જીત્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે રશિયાની ગ્લેમર ગર્લ મારિયા શારાપોવાએ તેની હરિફ ખેલાડીને હાર આપીને ત્રીજા રાઉન્ડમાં કુચ કરી લીધી હતી. શારાપોવા પાસે પેરિસમાં ૨૦૧૪માં ટ્રોફી જીતવાની સુવર્ણ તક છે. રશિયાની આ ખેલાડી તેના નામ પર ચાર ગ્રાન્ડ સ્લેમ કરી ચુકી છે. પુરૂષ વર્ગમાં ફેડરર, જોકોવિક, નડાલ એન એન્ડી મરે ચારેય ખેલાડી ફોર્મમાં હોવાથી આ વખતે સ્પર્ધા જોરદાર રહી શકે છે. મહિલા વર્ગમાં નિરાશા છે.



## ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

અર્થાત્ મેરૂ ડગે (પર્વત ડગે) પણ જેના મન મુશ્કેલીઓ આવવા છતાં ડગુમગુ ના થાય, વિપદા અર્થાત્ તકલીફો આવે તો પણ ડરે નહિં, જેને દુઃખ કે આનંદની હેડકીના આવે. (અહિં હેડકી એટલે દુઃખ આવે તો મન ડગે નહિં અને સુખ આવે તો મન ચેગ નહિં) એવા માનવીને જીવનમાં હરિના દર્શન જરૂર થશે.

વળી, માનવીએ કુસંગતી છોડીને હંમેશાં સત્સંગમાં રહેવું જોઇએ. જેઓ સત્સંગમાં રહેશે અને સારા માણસોનો સેહવાસ કેળવશે. તેને આઠે પોર (અર્થાત્ દિવસના ચારપોર અને રાતના ચારપોર આઠ પોર મલીને એટલે એક દિવસ થાય)

આનંદનો અનુભવ થશે અને એવા માણસને હરિનાં દર્શન જરૂર થશે.

મા ગંગાસતીએ અને પાનબાઇએ જે ભજનો ગાયા છે તેનો ભાવાર્થ જીવનમાં ઉતારવા જેવો છે સમઢિયાળા ગામ આજે પણ ભજનિક એવા કહળુભા દરબાર અને તેમના દર્મપત્ની ગંગાબાઇ (ગંગાસતી) અને પુત્રવધુ એવા પાનબાઇના રચેલા ભજનોમાં તરબોળ રહે છે અને અવારનવાર ડાયરાઓ ભરાતા રહે છે અને ભજનીકો તેઓએ રચેલા ભજનોને તંબુરા અને તબલાના તાલથી ગાતા રહીને ભજનોનો ભાવાર્થ પણ સમજાવતા રહીને ગ્રામસમાજમાં ચેતના જગવતા રહે છે. (ભાવનગર જીલ્લાના સમઢિયાળા ગામમાં પાદરે આજે પણ કહળુભા બાપુ, પાનબાઇ અને મા ગંગાસતીના પાળીયા જોવા મળે છે) (મા ગંતાસતી, પાનબાઇના જીવચરિત્રો દર્શાવતી ફિલ્મો પણ છે)

ખાસ નોંધ :-

(માં ગંગાસતીની ભજનાવલી તો હતી પરંતુ મા ગંગાસતિ ક્યાંના હતા તેની માહિતી ન હતી ત્યારે સેક્ટર-૨૧ સ્થિત ગ્રંથાલયમાં મદદનીશ શ્રી ભાનુભાઇએ મા ગંગાસતિ ઉપરાંત બીજા પચાસ જેટલા ગુજરાતની અસ્મિતા સમાન જયોતિર્ધરોનો પરિચય આપતું પુસ્તક મને શોધી આપ્યું. આ માટે ભાનુભાઇનો આભાર માનું છું. ધન્યવાદ પાઠવું છું.)

## આતંકવાદીઓ ફરી એકવાર ફંડ એકત્રિત કરવામાં વ્યસ્ત

નવી દિલ્હી,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શપથવિધીમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને સામેલ કરીને બન્ને દેશો વચ્ચેના સંબંધોને સુધારવાના સંકેત આપી દીધા છે. પરંતુ પાકિસ્તાની સંગઠનોની મદદથી ભારતમાં ઉભા થયેલા ત્રાસવાદી સંગઠન ઈચ્છે છે કે મોદીની મુસ્લિમ વિરોધી ચાપનો ઉપયોગ કરીને વધારે પ્રમાણમાં નાણા એકત્રિત કરવામાં આવે. મોદીની મુસ્લિમ વિરોધી છાપ વધારે ચમકે તેવી ઈચ્છા પણ આ લોકો રાખે છે. ત્રાસવાદી સંગઠન ઈચ્છે છે કે કેન્દ્ર સરકાર સિમી એન ઈન્ડિયન મુઝાહ્દીન સામે વધારે કડક રીતે કામ કરે. આના કારણે મુસ્લિમ વિરોધી મોદીની છાપ વધારે સપાટી પર આવશે. આના કારણે ત્રાસવાદીઓ એકમત થઈ જશે. ત્રાસવાદીઓ અને કટ્ટરપંથીઓ માને છે કે મોદી સરકાર વધારે કઠોર વલણ અપનાવશે તો તેમની એકતા વધારે મજબુત થશે.જેથી વિશ્વભરમાં તેમને આધાર મજબુત કરવાની તક મળશે. ભોપાલની જેલમાં રહેલા સિમીના ત્રાસવાદીઓએ પોલીસ અધિકારીને આ મુજબની વાત કરી છે. જે માહિતી આપવામાં આવી છે તે ખુબ જ ખતરનાક છે. છેલ્લા દિવસોમાં ભોપાલની કોર્ટમાં મોદીની સામે નારાબાજી કરવામાં આવી હતી. મોદીની સામે વલણ અપનાવી રહેલા કટ્ટરપંથી માની રહ્યા છે કે કેન્દ્ર સરકાર જો વધારે કડક બનશે તો તેમની વિચારધારા વધારે મજબુત થશે. પુછપરછ દરમિયાન મધ્યપ્રદેશના વરિષ્ઠ અધિકારીઓને ખંડવા જેલમાંથી ફરાર થયેલા અને મોડેથી ફરી ઝડપાઈ ગયેલા ખતરનાક ત્રાસવાદી અબુ ફજલે કહ્યું હતું કે ચૂંટણી પ્રચાર દરમિયાન જ નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાની યોજના હતી. પટણામાં રેલી દરમિયાન થયેલા સિરિયલ બ્લાસ્ટ આ દિશામાં એક પ્રયાસ હતો. મોદીની રેલીના સ્થળની નજીક જ સિરિયલ બ્લાસ્ટ થયા હતા. જેમાં મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. અન ખુવારી પણ થઈ હતી.મોદીને આત્મઘાતી હુમલા મારફતે મોતને ઘાટ ઉતારી દેવાની યોજના પણ બનાવી હતી.